1. કાર્યકારિતાના આધારે શહેરોનું વર્ગીકરણ આપો.

- કાર્યકારિતાના આધારે શારીનું વર્ગીકરણ વાહીવટી કેન્દ્ર, સાંસકતિક કે ઘોગિક કેન્દ્ર, વ્યાપાર અને પરિવહન કેન્દ્ર વગેરે.

2. માનવીની ખોરાક પછીની બીજી અનિવાર્ય જરૂરિયાત કઈ છે?

- માનવીની ખોરાક પછીની બીજી અનિવાર્ય જરૂરિયાત રહેઠાણની છે.

3. ગ્રિફિથ ટેઇલરે વસાહતની કઈ વ્યાખ્યા આપી છે? (March 18)

- "રહેઠાણોનો વિશાળ સમૂહ એટલે વસાહત.'' વસાહતની આ વ્યાખ્યા ગ્રિફિથ ટેઇલરે આપી છે.

4. વસાહતના બે મુખ્ય પ્રકારો કયા છે?

- વસાહતના બે મુખ્ય પ્રકારો છે : (1) ગ્રામ્ય વસાહત અને (2) શહેરી વસાહત.

5. ત્રિકોણીય પ્રણાલી મુખ્યત્વે ક્યાં નિર્માણ પામે છે? (March 19)

- ત્રિકોણીય પ્રણાલી મુખ્યત્વે નદીઓનાં સંગમસ્થાનો નજીક નિર્માણ પામે છે.

6. ગ્રામ્ય વસાહતના મુખ્ય આર્થિક આધાર કયા કયા છે?

- ગ્રામ્ય વસાહતના મુખ્ય આર્થિક આધાર કૃષિ, પશુપાલન, મસ્યાયન, વન્ય પેદાશો એકઠી કરવી વગેરે છે.

7. સામૂહિક વસાહત એટલે શું?

- જ્યારે એક કરતાં વધુ કુટુંબો અને વધુ સંખ્યામાં માનવીઓ ભેગા મળીને પોતાનાં નિવાસસ્થાનો શક્ય એટલાં નજીક નજીક ઊભાં કરે અને તે વસવાટ કાયમી બને તેવી વસાહતને સામૂહિક વસાહત કહે છે.

8. વસાહત એટલે શું?

- રહેઠાણોના સમૂહને વસાહત કહેવામાં આવે છે.

9. કયા પ્રદેશોમાં છૂટીછવાઈ વસાહત જોવા મળે છે?

- પર્વતીય પ્રદેશો, રણપ્રદેશો તથા ઉચ્ચ ભૂમિના પ્રદેશોમાં છૂટીછવાઈ વસાહત જોવા મળે છે.

10. કયા ખંડમાં છુટીછવાઈ વસાહતો વધુ પ્રમાણમાં છે?

- આફ્રિકા ખંડમાં છૂટીછવાઈ વસાહતો વધુ પ્રમાણમાં છે.

11. ભારતનાં કયાં રાજ્યોમાં છૂટીછવાઈ વસાહતો છે ?

- ભારતનાં કર્ણાટક, હિમાચલ પ્રદેશ, સિક્કિમ તથા પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં છૂટીછવાઈ વસાહતો છે.

12. કઈ બાબતોના આધારે ગ્રામીણ વસાહતોનું વર્ગીકરણ કરવામાં આવે છે ?

- આવાસોનાં કદ, બાંધકામ, આકાર, બાંધકામમાં વપરાતી. સામગ્રી વગેરે બાબતોના આધારે ગ્રામીણ વસાહતોનું વર્ગીકરણ કરવામાં સામગ્રી વગેરે બાબતોના આવે છે.

13. જાપાનમાં કેટલી વસ્તી ધરાવતી વસાહતને શહેર કહેવામાં આવે છે?

- જાપાનમાં 30,000 વસ્તી ધરાવતી વસાહતને શહેર કહેવામાં આવે છે.

14. શહેરી વસાહતોનો મુખ્ય આર્થિક આધાર જણાવો.

- શહેરી વસાહતોનો મુખ્ય આર્થિક આધાર દ્વિતીયક, તતીયક અને ચતુર્થક પ્રવૃત્તિઓ છે.

15. ડેન્માર્કમાં કેટલી વસ્તી ધરાવતી વસાહતને શહેરનો દરજ્જો મળે છે?

- ડેન્માર્કમાં માત્ર 200 કુલ વસ્તી ધરાવતી વસાહતને શહેરનો દરજ્જો મળે છે.

16. ભારતનાં મહાનગરોનાં ઉદાહરણો આપો.

- દિલ્લી, મુંબઈ, કોલકાતા, ચેન્નઈ, અમદાવાદ, સુરત વગેરે ભારતનાં મહાનગરો છે.

17. વસાહતની કાર્યકારિતા એટલે શું?

- વસાહતની કાર્યકારિતા એટલે વસાહતની મુખ્ય પ્રવૃત્તિ. અહી પ્રવૃત્તિ એટલે મુખ્યત્વે આર્થિક પ્રવૃત્તિ એવો અર્થ સૂચિત છે.

18. મહાનગરનો અર્થ સ્પષ્ટ કરો.

- 10થી 50 લાખ સુધીની વસ્તી ધરાવતી વસાહતને મહાનગર કહે છે,

19. ખનન શહેરોનાં નામ જણાવો.

- કાલગુર્લા, ધનબાદ, ખેતરી, રાણીગંજ વગેરે ખનન શહેરો છે.

20. આવાસ પ્રણાલીનાં નામ જણાવો.

- લંબચોરસ, રૈખિક, ચક્રીય, ત્રિકોણીય, ઉપચક્રીય, તારક આકાર અને નિહારિકા વગેરે આવાસ પ્રણાલીનાં નામ છે.

21. આવાસ પ્રણાલીના પ્રકાર જણાવો.

- લંબચોરસ, રૈખિક, ચક્રીય, ત્રિકોણીય, ઉપચક્રીય, તારક આકાર અને નિહારિકા વગેરે આવાસ પ્રણાલીનાં નામ છે.

22. નવઆયોજિત વહીવટી નગરો કયાં છે?

- ચંડીગઢ તથા ગાંધીનગર નવઆયોજિત વહીવટી નગરો છે,

23. વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ કયા ખંડોમાં થયું છે?

- વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા ખંડમાં થયું છે.

24. ગેરકાયદેસર વસાહતોમાં કઈ સુવિધાઓનો અભાવ છે?

- ગેરકાયદેસર વસાહતોમાં પ્રકાશ, ચોખ્ખી હવા, શૌચાલય, પથરૂમ, ગંદા પાણીનો નિકાલ વગેરે સુવિધાઓનો અભાવે છેઃ

25. ભારતમાં ગંગાસતલજનાં મેદાનોમાં ક્યા પ્રકારની વસાહત પ્રણાલી જોવા મળે છે?

- ભારતમાં ગંગાસતલુજનાં મેદાનોમાં તારેક આકાની વસાહત પ્રણાલી જોવા મળે છે.

26. ફળદ્રુપ મેદાની ક્ષેત્રોમાં કયા પ્રકારની વસાહત પ્રણાલી વધુ પ્રમાણમાં હોય છે?

- ફળદ્રુપ મેદાની ક્ષેત્રોમાં લંબચોરસ વસાહત પ્રણાલી વધુ પ્રમાણમાં હોય છે.

27. સાગર કાંઠે અગરિયાઓની વસાહત પ્રણાલી કયા પ્રકારની હોય છે ?

- સાગરકાંઠે અગરિયાઓની વસાહત પ્રણાલી ચક્રીય પ્રકારની હોય છે.

28. ભારતમાં સૌથી મોટી ઝૂંપડપટ્ટી વસાહત કઈ છે? (July 18)

- ભારતમાં ધારાવી (મુંબઈ) સૌથી મોટી ઝૂંપડપટ્ટી વસાહત છે.